### આગામી દાયકામાં દરેક ઘરમાં

# માનવ સહજ વૃતિ ધરાવતા કોમ્પ્યુટર જોવા મળશે

**ફાઇવ જી લોન્ચ થઇ રહયુ છે ત્યારે રોબોટીક બાદ રીમોટીક મેડીકલ સર્જરી પણ શક્ય બનશે ટેકનોલોજી ક્ષેત્રે છેલ્લા ૨ હજાર વર્ષમાં ન થઇ હોય તેવી ક્રાંતિ આગામી ૨૦ વર્ષમાં થશે સોફ્ટવેર એન્જિનિયર રીપલ વ્યાસની ટેકનોલોજી અંગે રસપ્રદ વાતો**

ગાંધીનગર તા ૨૯

આધુનિક યુગમાં વિજ્ઞાન અને ટેકનોલોજીએ ક્રાંતિ કરી છે. મોબાઈલ અને કોમ્પ્યુટરના યુગમાં દુનિયા આંગળીના ટેરવે હોવાનુ મનાય છે. પરંતુ હજુ ટેકનોલોજી ક્ષેત્રે અવનવી પ્રગતિ થઈ રહી છે. રોજબરોજ નતનવી શોધ અને સંશોધનના અંતે આજે શોધાયેલા ઉપકરણો પલમાં આઉટ ઓફ ડેટ થઈ જાય છે અને ટેકનોલોજી પણ અપગ્રેડ થતી રહે છે.



બનશે. ગાંધીનગરના તેજસ્વી યુવા અગ્રણી રીપલ વ્યાસના જણાંવ્યા મુજબ ભારતમાં પણ આગામી એક દાયકામાં દરેક ઘરમાં માનવ વ્યકિત જેવી મશીનરી ઓપરેટ થતી દેખાશે. જેમાં દરેક કામ કરવાની હોંશિયારી સાથે માનવ જેવી સંવેદના પણ જોવા મળશે. એટલુ જ નહીં પરંતુ સંગીત , અવાજ અને પેઈન્ટીંગ સહીતની કલાઓ પણ સોફટવેર સહીત વિવિધ એપ્લીકેશનની પકડમાં કનેકટિવીટીના માધ્યમથી આવી જતા કૃત્રિમ બુધ્ધિ સાથે આવતીકાલની દુનિયા હાઈપ્રોફાઈલ ટેકનોલોજીથી સજજ જોવા મળશે.

ગાંધીનગરના રીપલ વ્યાસ સોફટવરે સોલ્યુશનના પ્રમુખ છે. જયારે અમેરિકામાં સોફટવેર એન્જિયરીંગ ક્ષેત્રે કામ કરે છે. તેમના મતે આજની દુનિયામાં ટેકનોલોજીનો ઉપયોગ દિનપ્રતિદિન વધી રહયો છે. જયારે આવતીકાલે દુનિયામાં કૃત્રિમ બુધ્ધિ સાથે ટેકનોલોજીનુ નવુ ઓટોમેટેડ ફોર્મ જોવા મળશે.

**મશીનરીમાં લાગણીને પણ સ્થાન : વ્હીકલ ટુ વ્હીકલ કોમ્યુનિકેશન : ઇમોશન કેપ્ચર કરતા કેમેરા : ડીઝીટલ મીડીયા : આધારે સંગીત ગાયકી પેઇન્ટીંગ સહીતની કલાઓ પણ અમર્યાદિત માહિતીનો સ્ત્રોત ધરાવતી ટેકનોલોજીની ગિરફતમાં હશે**

આવા સંજોગોમાં માનવજીવન યંત્રવત થતુ જાય છે. એકબાજુ ટેકનોલોજીએ ધરેલી વિવિધ મશીનરી અને ભેટના લીધે ઓધોગિક ક્ષેત્રે નવા યુગની શરૂઆત થઈ છે. પરંતુ માનવજીવનમાં પણ ટેકનોલોજીનો પ્રવેશ થઈ રહયો છે. નવી એપ્લીકેશન અને સોફટવેરના આધારે ટેકનોલોજીના નવા આયામો તરફ દુનિયા આગળ વધી રહી છે. મશીનરીથી પાંગળા થતા માનવજીવનને અત્યાર સુધી વિજ્ઞાને અનેક શોધ કરી આપી છે. આવનારી આવતીકાલની દુનિયામાં ઈમોશન ધરાવતા રોબર્ટ તેમજ મેડીકલ ક્ષેત્રે ટ્રાયલ અને રીસર્ચ કરતા કોમ્પ્યુટર સહીત માર્ગ પર દોડતા વાહનો પણ એકબીજા સાથે કોમ્યુનિકેશન કરતા નજરે પડશે..!! બજાર અને શોપિંગ મોલમાં મુલાકાતીઓના ઈમોશન કેચ કરી પસંદગીને ધ્યાને લઈ મોર્કેટીંગ કરવાની બિઝનસ સ્ટેટેજી પણ કોમન

આ અંગે તેમણે ટેકનોલોજી અંગેની રસપ્રદ વાતો કરતા જણાંવ્યુ હતુ કે દુનિયામાં રોજબરોજ નવી ટેકનોલોજી આવી રહી છે. આગામી ૨૦ વર્ષમાં ૨ હજાર વર્ષમાં ટેકનોલોજી ક્ષેત્રે જોવા મળશે. અવનવી ટેકનોલોજી ઈન્ડસ્ટ્રીઝમાં આવ્યા બાદ આગામી દિવસોમાં આમ નાગરિકોનુ જીવન પણ ટેકનોલોજીથી સજજ થશે. માર્ગ પર દોડતી કાર પણ હવે ઈલેક્ટ્રીક અને ડ્રાઈવર લેસ કાર બને છે. પરંતુ અમેરિકા અને યુરોપમાં ૨૪ થી ૨૬ હજાર વ્યકિતઓ વર્ષે અકસ્માતના લીધે મોતને ભેટે છે. ત્યારે વ્હીકલ ટુ વ્હીકલ કોમ્યુનિકેશનની ટેકનોલોજીના આગમનથી ૯૦ ટકા જીવન બચી શકશે. સ્માર્ટ ફોન પણ તમારી સાથે વાતો કરે છે. વોટસએમ કોમ્પ્યુટરની મદદથી ટેકનોલોજી ક્ષેત્રે

● અનુસંધાન પાન-૭ પર

# આજે મનપાનું ડ્રાફટ બજેટ

**બજેટનું કદ ૧૦ ટકા વધે તેવા સંકેતો : કરબોજ નહિ પણ સેવાઓનું સઘનીકરણ કરાશે : કોમન પ્લોટ રંગમંચ અને અન્ય જાહેર સ્થાનોની સ્વચ્છતા માટે સફાઈના દર અલગ-અલગ કરી નવા આવકના સ્ત્રોતો પર ધ્યાન કેન્દ્રીત કરાશે : વ્યવસાયવેરો, મિલ્કતવેરાની આવકમાં વૃદ્ધિ મેળવવા સાથે કીચન ગાર્ડન યોજના માટે ઓર્ગેનિક ખાતર વિના મૂલ્યે આપવાની યોજના બજેટમાં સમાવવાની કવાયતો તેજ**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકાનું વર્ષ ૨૦૧૮-૧૯નું ડ્રાફટ બજેટ મ્યુનિ. કમિશનર ડી.એન. મોદી આજે બપોરે સ્થાયી સમિતિ સમક્ષ રજુ કરશે. આવકના નવા સાધનો ઉભા કરી અને સેવાઓના સઘનીકરણની સાથે સાથે લોકાભિમુખ વહીવટીય કાર્યક્ષમતા વિકસાવવા તેમજ કરબોજ રહિતનું ડ્રાફટ બજેટ કમિશ્નર રજુ કરશે તેમ મનાઈ રહ્યું છે.

મ્યુનિ. કમિશ્નર તેમના બજેટનું કદ ૧૦થી ૧૫ ટકા સુધી વધારશે અને તેમાં ખાસ કરીને વેરા વસુલી પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવાના નિર્દેશ આપશે. આ ઉપરાંત વ્યવસાયવેરાની જે આવક છે તેમાં નવા વ્યવસાયકારોનો સમાવેશ કરી આવક વધુ મેળવવાની દિશામાં પ્રયાસો કરાશે. અંદાજે રૂ. ૩૦૦ કરોડની આવક-જાવકના હિસાબો દર્શાવતુ આ અંદાજપત્ર હશે.

આવકના નવા સાધનો જે ઉભા કરવા માટે વિચારણા ચાલી રહી છે તેમાં સેક્ટરોના કોમન પ્લોટ પર સફાઈવેરો લાદવામાં આવશે તેમજ રંગમંચો જે ભાડે અપાય છે તેમાં સફાઈના દરો માટે અલાયદા સ્લેબ સફાઈવેરાના લાગુ કરવાનું સૂચવશે તેમ મનાઈ રહ્યું છે.

આ ઉપરાંત શહેરમાં પર્યાવરણીય સંતુલન જળવાઈ રહે તે માટેના કેટલાક મહત્વના પગલાંઓ કમિશ્નર તેમના બજેટમાં સૂચવશે તેમ મનાઈ રહ્યું છે. મળતા નિર્દેશો મુજબ કિચન ગાર્ડનની સ્કીમને પ્રોત્સાહિત કરવા માટે જે ઓર્ગેનિક ખાતર મનપા દ્વારા તૈયાર થાય છે તે ફ્રિ ઓફ કોસ્ટ પાંચ કિલોની મર્યાદામાં આપવાની યોજના રજુ કરશે. જેથી પાટનગરની જમીનોની ફળદ્રુપતા જળવાઈ રહે.

આ બજેટમાં કમિશ્નર દ્વારા બી.યુ. પરમિશન માટેના હાલના જે દરો છે તેમાં સુધારા સૂચવે તેવી પણ શક્યતાઓ છે. પગાર ખર્ચના વધતા જતા ભારણને ધ્યાને રાખી આવા નાના સુધારાઓ કરમાળખામાં સૂચવશે.

શહેરમાં દબાણોની સમસ્યાને દૂર કરવા માટેના કડક પગલાંની જોગવાઈઓ પણ બજેટમાં સૂચવે તેવી શક્યતાઓ છે. શહેરના ચાર અર્બન હેલ્થ સેન્ટરોની સેવાઓ સઘન બનાવવા પર પણ આ બજેટમાં ભાર મુકાશે. દબાણો દૂર કરી ત્યાં વાયર ફેન્સીંગ કરી જમીનો રક્ષિત કરાશે તેમજ વારંવાર દબાણકર્તાઓને ઓળખી કાઢી તેમની સામે દંડકીય અને કાનૂની પગલાં લેવાનો પ્રસ્તાવ પણ

● અનુસંધાન પાન-૭ પર

## આસારામને વિડીયો કોન્ફરન્સથી કોર્ટમાં પાંચમીએ હાજર કરાશે

ગાંધીનગર તા ૨૯

આસારામ યોન શોષણ કેસમાં આજે ગાંધીનગર કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. ફરિયાદીની હાજરીના લીધે કોર્ટમાં સઘન બન્દોબસ્ત જોવા મળ્યો હતો.આસારમા યૌન શોષણ કેસમાં આજે ગાંધીનગર કોર્ટમાં પીડીતાની જુબાની લેવા માટે પ્રક્રીયા હાથ ધરાઈ હતી. આ દરમિયાન સરકારી વકીલે આસારામને જોધપુરથી બોલાવવા માટે કોર્ટ સમક્ષ અરજી રજુ કરી હતી. આરાપીની હાજરીમાં જુબાની લેવા માટે અરજી કરવામાં આવી હતી. આ મામલે સ્પેશિયલ પી પી શ્રી કોડેકર તેમજ સરકારી વકીલ સુનીલ પંડયાએ કોર્ટ સમક્ષ આરોપીની હાજરીમાં પીડીતાની જુબાની લેવા માટે અરજ કરી હતી. જેના અનુસંધાને ગાંધીનગર કોર્ટે વિડીયો કોન્ફરન્સથી આસારામને આગામી સુનાવણી દરમિયાન હાજર રાખવા માટે જોધપુર જેલને આદેશ કર્યો હતો. આરોપીની હાજરીમાં આગામી તા ૫ થી ૯ ફેબ્રુઆરી સુધી વધુ સુનાવણી હાથ ધરવાનો નક્કી કર્યુ છે.



પ્રકૃતિનો ભવ્ય વૈભવ - પાટનગરના પાદરેથી ક્યારેક ક્યારેક વહેલી સાબરમતીને નિહાળવી લ્હાવો બને છે... એ સાબરનું ખળખળ વહેતુ ઝરણું હોય કે બે કાંઠે છલકાતું સાબરનું યૌવન હોય... સદાય સાબરમતી એટલે સાબરમતી... અને સાબરમતીના સંત રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના નિર્વાણ દિનની પૂર્વ સંધ્યાએ કેમેરામા કેદ થયેલ અદભૂત દશ્ય... શિયાળાની સવાર, ખળખળ સાબરનો ઝણકાર, પક્ષીઓના કલરવ અને આછાઆછ ધુમ્મસની સાથે સૂર્યની સવારીના આગમનની છડી પોકારે છે...



ઉજવણીનો માહોલ - શાળા - કૉલેજોમાં આજકાલ વિવિધ 'ડે'ની ઉજવણી થાય છે... ટ્રેડીશનલ ડે, વેસ્ટર્ન ડે, સ્કૂલ ડે જેવા વિવિધ ડેની ઉજવણીની મોસમ છલાકાય છે... શહેરની ચૌધરી મહિલા કૉલેજમાં સાડી-ડેની ઉજવણી નિમિત્તે વિદ્યાર્થીનીઓએ અવનવી સાડીઓ પરિધાન કરીને ઉત્સાહ વ્યક્ત કર્યો હતો...

# નગરના સર્કલોની જાળવણી વિસરાઈ તંત્ર પણ નિરસતા દાખવતુ હોવાનો આક્રોશ

ગાંધીનગર તા ૨૯

ગાંધીનગરની આગવી ઓળખ સમાન સર્કલોની જાળવણી વિસરાઈ છે. તંત્ર દ્વારા વિવિધ સંસ્થાઓને સર્કલને વિકસાવવા તેમજ તેની જાળવણી કરવાની જવાબદારી સોંપવામાં આવી છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી સર્કલોની જાળવણીના મુદ્દે જવાબદાર સંસ્થાઓ નિરસતા સેવી રહી હોવાનો આક્રોશ પણ નગરજનોમાં ઉઠવા પામ્યો છે. શેહરના ગ માર્ગ પર સ્થિત સર્કલોની દશા સુધારવા પણ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરની આગવી ઓળખ સમા સર્કલો તંત્રની નિરસતાના લીધે આકર્ષણ ગુમાવી રહયા છે. દોઢ દાયકા પુર્વે સર્કલો વિકસાવવા માટે નવી યોજના હાથ ધરાઈ હતી. જેના અંતે નગરના સર્કલોને વિવિધ થીમ આધારિત વિકસાવાયા હતા. જયારે સર્કલો અને માર્ગોનુ પણ નવુ નામાભિધાન કરવામાં આવ્યુ હતુ. જો કે સર્કલ વિકાસની આ જવાબદારી વિવિધ સંસ્થાઓને સોંપી દેવામાં આવી હતી. જયારે આ મુજબ નિયત સમયે સર્કલોની જાળવણી કરવાનુ પણ સંસ્થાઓના શિરે હોવાથી સમયાંતરે આ કરાર રીન્યુ કરવાની પણ પ્રક્રીયા હાથ ધરવામાં આવે છે. પરંતુ છેલ્લા ઘણાં સમયથી નગરના સર્કલોની જાળવણી વિસરાઈ ગઈ હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સર્કલોમાં સફાઈના અભાવે ગંદકીના ઢગ જોવા મળી રહયા છે. જયારે સર્કલો ફરતે કરવામાં આવેલ પેવર બ્લોક પણ કેટલાક ઠેકાણે તુટેલી હાલતમાં હોવાથી માર્ગ સલામતીના મામલે ભયજનક સ્થિતિ ઉદભવી છે. આ મામલે તંત્ર દ્વારા પણ જવાબદાર

**સર્કલોની ફરતે પેવર બ્લોક પણ તુટેલી હાલતમાં ગંદકી થતી હોવાનો રોષ**

● અનુસંધાન પાન-૭ પર

# મતદાર યાદી સુધારણા ઝુંબેશમાં ૧૨,૬૩૬ અરજીઓ તંત્રને મળી

ગાંધીનગર, તા. ૨૯

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા મતદારયાદી સુધારણા ઝુંબેશ દરમ્યાન ગઈકાલે યોજાયેલ ખાસ સઘન ઝુંબેશ અંતર્ગત જિલ્લામાં ૭૮૫૨ અરજીઓ નવા નામ દાખલ કરવા સાથે કુલ ૧૨,૬૩૬ અરજીઓ તંત્રને મળી છે.

મળતી વિગતો પ્રમાણે જે ૭૮૫૨ અરજીઓ નામ દાખલ કરવા માટે મળી છે તેમાં ૪૪૮૮(પુ) અને ૩૬૬૪ (મહિલા) મતદારોનો સમાવેશ થાય છે. દર વખતની જેમ ગાંધીનગર (ઉ) અને ગાંધીનગર (દ) બેઠક પર સૌથી વધુ અરજીઓ પ્રાપ્ત થઈ છે. આ પછી માણસા, કલોલ અને દહેગામ વિધાનસભા મતવિસ્તાર આવે છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે ૯૧૬ અરજીઓ નામ કમી માટેની મળી છે જેમાં ૩૪૬ (પુ) અને ૫૭૦ (સ્ત્રી) મતદારોની છે. આ ઉપરાંત ૨૯૪૮ અરજીઓ સુધારા-વધારા માટેની મળી છે.

જિલ્લામાં સ્થળાંતર માટેની ૯૨૬ અરજીઓ મતદારો દ્વારા રજુ કરવામાં આવી છે. ડિસે. ૨૦૧૭માં જ વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ સંપન્ન થયા પછી હાથ ધરવામાં આવેલ આ મતદારયાદી સુધારણા ઝુંબેશમાં સારો પ્રતિસાદ સાંપડ્યો છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧-૧-૧૭ની સ્થિતિએ મતદારોની સ્થિતિને લક્ષમાં લેતા ડિસેમ્બરમાં યોજાયેલ ચૂંટણીઓ હતી જ્યારે હવે ૧-૧-૧૮ની સ્થિતિએ ૧૮ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા મતદારોને સમાવી લેવાની પ્રક્રિયાનો આ પ્રથમ તબક્કો હોવાથી અરજીઓ વધુ મળી છે.

● અનુસંધાન પાન-૭ પર

## ચૂંટણીપંચનો નવો નિર્ણય ડાબા હાથની ટચલી આંગળી નજીકની આંગળી પર નિશાન કરાશે

રાજ્ય ચૂંટણી પંચે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે એક મહત્વનો નિર્ણય કર્યો છે.

મતદારને મતદાન પછી ડાબા હાથની પ્રથમ આંગળી પર જે અવિલોપ્ય શાહીથી નિશાની કરવામાં આવતી હતી તેના બદલે હવે આ ચૂંટણીમાં ડાબા હાથની ટચલી આંગળીની બાજુની આંગળી પર આ નિશાન કરવામાં આવશે.

ચૂંટણી પંચના સૂત્રોએ જણાવ્યું છે કે તાજેતરમાં જ વિધાનસભાની ચૂંટણીઓ દરમ્યાન પ્રથમ આંગળી પર અવિલોપ્ય શાહીનું નિશાન કરવામાં આવ્યુ હતુ જે હજુ દૂર થયુ નથી તેથી પંચે આ મહત્વના ફેરફારનો નિર્ણય આ ચૂંટણીઓ માટે લીધો છે.

# ગાંધીનગર સહિત રાજ્યમાં ઠંડીનું તીવ્ર મોજુ યથાવત

**ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી નોંધાયું**

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર સહિત રાજ્યભરમાં ફરી એકવાર તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. અમદાવદમાં આજે પારો ગગડીને ૯.૮ ડિગ્રી થઈ ગયો હતો જ્યારે ગાંધીનગરમાં પારો ૯ ડિગ્રી સુધી પહોંચી ગયો હતો. લઘુત્તમ તાપમાનમાં ફરી એકવાર ઘટાડો થયો છે. ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. રાજ્યના કેટલાક ભાગોમાં પારો આજે ૧૧થી નીચે પહોંચ્યો હતો જેમાં અમદાવાદ, ગાંધીનગર, નલિયાનો સમાવેશ થાય છે. આ તમામ જગ્યાઓએ લોકોએ ઠંડીનો અનુભવ કર્યો હતો. સવારમાં ઠંડી અને બપોરના ગાળામાં ગરમીનો અનુભવ થવા લાગ્યો છે. મોડી સાંજે ફુલગુલાબી ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. હવામાન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, અમદાવાદમાં લઘુત્તમ તાપમાન વધી શકે છે. જ્યારે આગામી બે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટા ફેરફાર થનાર નથી. હાલના તાપમાન વચ્ચે રાજયના અનેક વિસ્તારોમાં શરદી, ખાંસી, દમ, અસ્થમા જેવા રોગના દર્દીઓની હાલત કફોડી બની જવા પામી છે. અમદાવાદ સહિત રાજ્યભરમાં હવે મિશ્ર સ્થિતિ જોવા મળી રહી છે. ઠંડી અને ગરમીનું પ્રમાણ હોવાના કારણે લોકો પરેશાન થયેલા છે. અમદાવાદ સહિત રાજયભરમાં લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાના કારણે હવે ઈન્ફેક્શન સબંધિત બિમારીનો ખતરો પણ તોળાઈ રહ્યો છે. રાજયમાં સરહદી જિલ્લા એવા કચ્છના નલિયાની સાથે બનાસકાંઠાના ડિસા સહિતના રણને અડીને આવેલા વિસ્તારોમાં વસતા લોકોને હવે પહેલાની સરખામણીમાં ઠંડીથી રાહત થઈ છે પરંતુ હજુ પણ પારો ખુબ નીચે પહોંચેલો છે. અમદાવાદમાં હવે મિશ્ર વાતાવરણ જોવા મળી રહ્યું છે. સવારમાં ઠંડી અને બપોરના ગાળામાં ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. આજે બપોરે અમદાવાદમાં લોકોએ ગરમીનો અનુભવ કર્યો હતો. જમ્મુ કાશ્મીર અને હિમાચલ તથા ઉત્તરાખંડના ઉંચાણવાળા ભાગોમાં હિમવર્ષાના પરિણામ સ્વરુપે ઠંડીમાં ફરી એકવાર વધારો થયો છે. આની અસર ગુજરાતમાં પણ જોવા મળી છે.


"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર

'રાજધાનીનાં રતન'

'સંસ્કૃતિ' દ્વારા ગાંધીનગર શહેર અને જિલ્લામાં વસતા કલાકારોની એક ડિરેકટરી બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. આ કામગીરી તેના સક્રિય તબક્કામાં પ્રવેશી ચૂકી છે ત્યારે સંસ્થા દ્વારા એવી કાળજી લેવાઈ રહી છે કે આ ડિરેકટરીમાં પાટનગરના તમામ અગ્રણી તેમજ જેમનું પ્રદાન નોંધનિય છે અને જેમનું પ્રદાન અત્યંત આશાસ્પદ છે એવા તમામ કલાકારોનો આમાં સમાવેશ થઈ જાય. આ માટે તમામ કલાકારોને ફરીથી વિનંતી કરવામાં આવે છે જેઓએ આ કલા ડિરેકટરી માટે પોતાની વિગતો ન આપી હોય તો સત્વરે આપીને આ એક કલા વિષયક સેવા પ્રવૃત્તિને પ્રોત્સાહન આપે.

નિયત ફોર્મ મેળવવા માટે સંપર્ક :

| | |
|---|---|
| ડૉ. ચેતના અ. બુચ<br>પ્લોટ નં. ૨૨૦, અષ્ટલક્ષ્મી એપા.,<br>સેકટર-૨૦, ગાંધીનગર<br>મો. ૯૮૨૫૮ ૧૬૦૧૮ | શ્રી હરેશ કે. ઠાકર<br>પ્લોટ નં. ૨૩૧/૧, ડી-ટાઈપ,<br>જુના એમ.એલ.એ. કવાર્ટર, સે.૧૭,<br>ગાંધીનગર. મો. ૯૪૨૭૩ ૧૭૪૪૯ |
| મનોજ શુકલ<br>મંત્રી-૯૮૨૫૮ ૭૯૫૨૯ | રમેશ પટેલ<br>પ્રમુખ, 'સંસ્કૃતિ' સંસ્થા |

સ્થળ સૌજન્ય : કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. ફોન : ૨૩૨૧૧૪૮૯, ૨૩૨૪૩૬૨૩



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com